No. IITGN/BDW/188/2014-15
DATE-31-3-2015

# જાહેર હરાજી

કામનો પ્રકાર : આઇ.આઇ.ટી ગાંધીનગર ૨૦૧૪-૧૫ કેમ્પસ પાલજમાં આબાંના ૧૨ નંગ તથા જાંબુ નંગ-૨ ઝાડના ફળની હરાજી તથા એરંડા લાલના એકઠા કરેલ બીજની હરાજી.

જાહેર હરાજીની તારીખ અને ટાઇમ :20/04-૨૦૧૫ બપોરે ૧૨.૩૦ કલાકે

જાહેર હરાજીનું સ્થળ : આઇ.આઇ.ટી.કેમ્પસ, પાલજ [તા. 20/04/2015]

પાલજ આઇ.આઇ.ટી ખાતે હરાજીમાં મુકવામાં આવેલ મુદા માલની વિગત

| અન. | વિગત | લોટ નં. | વૃક્ષની જાત | ફળઆવેલ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | આંબાફળની હરાજી | ૧ | આંબા | ૧૨ | |
| ૨ | જાંબુ | ૨ | જાંબુ | ૨ | |
| ૩ | એરંડા લાલ બીજ | ૩ | એરંડા લાલ બીજ | ૧૮ | |

: હરાજીની શરતો અને નિયમો :

૧. કેમ્પસમાં કામ ચલાઉ અથવા કાયમી બાંધકામ કરવાની મનાઇ છે.

૨. બોલી બોલનાર ફકતને ફકત કેરીઓ અને ફળના હકકદાર રહેશે નહિ કે ઝાડના

૩. ઝાડ અથવા ઝાડની ડાળીઓ કાપવાની સખ્ત મનાઇ છે.

૪. બોલી બોલનારનો આઇ.આઇ.ટી કેમ્પસની જમીનનો કોઇ હકક લાગશે નહી.

૫. બોલી બોલનારને ફળ ઉતારે ત્યાં સુધી ( મહત્તમ ૨ માસ ) રહેવાના હકકદાર રહેશે.

૬. હરાજી મેળવનારને કોઇ જરૂરીયાત જેવી કે લાઇટ, પાણી આઇ.આઇ.ટી આપી શકશે નહી..

૭. હરાજી મેળવનારે આઇ.આઇ.ટી કેમ્પસમાં કેરીઓનું વેચાણ કરી શકશે નહી.

૮. એક ઝાડ નીચે એક માણસજ રહી શકશે.

૯. કેમ્પસમાં રસોડું બનાવી શકાશે નહી.

૧૦. હરાજીમાં ભાગ લેનાર હરાજી મેળવતા પહેલા અનામત પેટે રૂા. ૫૦૦/- રકમના આઇ.આઇ.ટી ગાંધીનગર મેઇન એકાઉન્ટ પેયેબલ, અમદાવાદનાને કેશ અથવા ડી.ડી જમા કરવાનો રહેશે.

૧૧. હરાજીમાં ઉચી બોલી બોલનારને અનામતની કુલ રકમ જમા કરે થી જ કામ સોંપવામાં આવશે.

૧૨. હરાજીદારે આવા પ્લોટ માટે માંગણી વેચાણ ડેપો બેઠા જાહેરમાં આપવાની છે.

૧૩. એક વખત માંગણી કરી એટલે તેમણે યોગ્ય માંગણી કરેલ છે તેમ ગણાશે અને તે માંગણી તેમને બંધનકર્તા રહેશે. આવી માંગણી કોઇ પણ કચેરીમાં કોઇ પણ જાતની ગલતીની ભુલ વગર ગફલત અગર ખોટ જવાના કારણે પરત અગર રદ બાતલ કરી શકાશે નહી.

૧૪. માલ ખરીદનાર વેપારી અગર વ્યકિત પોતાના વતી હરાજીમાં કોઇ પણ વ્યકિતને હરાજીનો માલ ખરીદવા મોકલશે,તો તેમણે કાયદેસરનું કોર્ટ પ્રમાણીત કરેલ મુખત્યારનામુ ( પાવર ઓફ એટર્ની ) હરાજીમાં માંગણી કરતા પહેલા આપવુ પડશે. તેમ નહી કરનારને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી.

૧૫. હરાજીમાં માંગણી કરતાં પહેલા માંગણીદારે પોતે માલનો જથ્થો નંગ અને જાત જોઇ ખાતરી કરી અને તપાસીને માંગણી કરવામાં આવી છે. એમ માની લેવામાં આવશે. એકવાર હરાજી મંજુર થયા પછી માલના વજન,જાત માપ અગર કાચીપણા બદલની ફરીયાદ સાંભળવામાં આવશે નહી. પરંતુ કોઇ કિસ્સામાં માલના લોટના માપના ગણતરીમાં ભુલ હોય તો જે તે દિવસની હરાજીનાં તારીખ પછી દિન-૭ માં જાહેર કરવુ પડશે.

૧૬. માંગણી મંજુર કરવી અગર ન કરવી તે આઇ.આઇ.ટી ની મરજી ઉપર રહેશે.

૧૭. માલ ખરીદનારને માલ પર ૮ % સેલટેક્ષ તથા ૧૦ ટકા પ્રમાણે વધારાનો ટેક્ષ ભરવાનો રહેશે.

ok

Khakhan 31/03/2015
**Assistant Engineer (Civil)**
**IIT Gandhinagar**
**Chandkheda, Ahmedabad**

Copy to:

1) Shri D. P. Roy sir for information. please.

2) Shri G. C. Chaudhary sir for information please.